૩૭ એકર વિસ્તારવાળી સયાજી હોસ્પિટલની સુરક્ષા ભગવાન ભરોસે

કોઈ ચેકિંગ કે તકેદારી નહિ, સિક્યુરિટી કેબિન માત્ર 'શોભાના ગાંઠિયા' સમાન

રાત્રિના સમયે પરિસ્થિતિ વધુ જોખમી બનતી હોવાથી દર્દીઓ અને સગા સંબંધીઓની સુરક્ષા સામે મોટો પ્રશ્નાર્થ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૩

મધ્ય ગુજરાતની સૌથી મોટી સરકારી સયાજી હોસ્પિટલ ફરી એકવાર સુરક્ષા અને વ્યવસ્થાના મુદ્દે ગંભીર વિવાદોમાં ઘેરાઈ છે. લાખો-કરોડો રૂપિયાની ગ્રાન્ટો ફાળવવામાં આવતી હોવા છતાં, દર્દીઓ અને તેમના સગા સંબંધીઓની સુરક્ષા રામ ભરોસે ચાલી રહી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. હોસ્પિટલના મુખ્ય પ્રવેશદ્વારે લાખોના ખર્ચે બનાવવામાં આવેલું સિક્યુરિટી કેબિન હાલ માત્ર 'શોભાના ગાંઠિયા' સમાન સાબિત થઈ રહ્યું છે. હોસ્પિટલના મુખ્ય ગેટ પર સુરક્ષા અને ચેકિંગ માટે ખાસ કેબિન ઊભું કરાયું છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે આ કેબિનમાં ન તો કોઈ સુરક્ષાકર્મી નજરે પડે છે અને ન તો અંદર આવતા વાહનો કે શંકાસ્પદ વ્યક્તિઓનું કોઈ ચેકિંગ થાય છે. આટલી મોટી હોસ્પિટલમાં અવારનવાર મારામારી, લૂંટફાટ અને હાફ-મર્ડર જેવા ગંભીર ગુનાઓના દર્દીઓ આવતા હોય છે, ત્યારે સુરક્ષાનો આ અભાવ ગંભીર દુર્ઘટનાને નોતરી શકે છે. અંદાજે ૩૭ એકર જેટલા વિશાળ કેમ્પસમાં ફેલાયેલી આ હોસ્પિટલમાં ઓ.પી.ડી., ઈમરજન્સી અને ટ્રોમા સેન્ટર જેવા મહત્વના વોર્ડ કાર્યરત છે. આટલા મોટા સંકુલની સુરક્ષા માટે ૨૪ કલાકમાં ત્રણ શિફ્ટ મળીને માત્ર ૧૬૯ સિક્યુરિટી ગાર્ડ ફાળવવામાં આવ્યા છે. એટલે કે એક શિફ્ટમાં માંડ ૫૫ થી ૬૦ ગાર્ડ જ સમગ્ર પરિસરની સુરક્ષા સંભાળે છે, જે આટલા મોટા વિસ્તાર માટે 'ઊંટના મોંમાં જીરા સમાન' છે. ગાર્ડની ગેરહાજરીના કારણે રાત્રિના સમયે અસામાજિક તત્વોનો ત્રાસ વધવાની અને દર્દીઓના સગાઓ વચ્ચે ઘર્ષણ થવાની પૂરી શક્યતાઓ રહેલી છે. આ સમગ્ર મામલે સયાજી હોસ્પિટલના આર.એમ.ઓ. ડૉ. હિતેન્દ્ર ચૌહાણે સ્વીકાર્યું છે કે મહેકમ મર્યાદાના કારણે આ સમસ્યા સર્જાઈ છે. તેમ છતાં, ઉપલબ્ધ સ્ટાફ દ્વારા જ સમગ્ર કેમ્પસમાં વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પૂરતા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

રીક્ષા અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત, બંને વાહનો પલટ્યા

હાઇવે પર ચોકડી ક્રોસ કરતી વખતે ટક્કર, કાર ચાલકનો આબાદ બચાવ

(પ્રતિનિધિ)વડોદરા,તા.13

વડોદરા જિલ્લામાંથી પસાર થતા નેશનલ હાઇવે નં.48 પર સાંસરોદ ગામ નજીક રીક્ષા અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતા અફરાતફરી મચી ગઈ હતી. અકસ્માતમાં બંને વાહનો પલટી ખાઈ ગયા હતા. જેના કારણે બંને વાહનોને નુકસાન થયું હતું. સદનસીબે મોટી જાનહાનિ થઈ ન હતી. ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

એક રીક્ષા પાલેજ તરફથી આવી રહી હતી અને સાંસરોદ નજીક ચોકડી ક્રોસ કરી રહી હતી. તે જ સમયે સામેથી પૂરપાટ ઝડપે આવી રહેલી એક કાર સાથે રીક્ષાને જોરદાર ટક્કર થઈ હતી. ટક્કરના કારણે અકસ્માતમાં રીક્ષા અને કાર બંને પલટી જવા પામી હતી. અકસ્માતના પગલે રીક્ષા ચાલકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જ્યારે કાર ચાલકનો આબાદ બચાવ થયો હતો. બનાવને પગલે હાઇવે પર લોકોના ટોળા ઘટના સ્થળે એકત્ર થઈ ગયા હતા અને થોડા સમય માટે વાહન વ્યવહારમાં અવરોધ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. ઈજાગ્રસ્ત રીક્ષા ચાલકને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પોલીસે બંને વાહનોને કબ્જે કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બુટલેગરને 'ધંધાની પરમિશન' અપાવવાનો પ્લાન હતો કે શું?

પોલીસ સ્ટેશનનો 'સેટિંગ પ્લાન' રેડમાં ધોવાઈ ગયો..!



ગાંધીના ગુજરાતમાં દારૂબંધી છે, પરંતુ દારૂના ધંધાની ચર્ચાઓ ક્યારેય બંધ થતી નથી. ક્યાંક પોલીસ બુટલેગરો પાછળ દોડતી જોવા મળે છે તો ક્યાંક પોલીસ જ બુટલેગર સુધી 'પહોંચ' બનાવે છે તેવી કથિત ચર્ચાઓ પોલીસ તંત્રની કામગીરી સામે સવાલો ઊભા કરે છે.

વડોદરા શહેરમાં હાલ આવો જ એક 'રસપ્રદ' કિસ્સો પોલીસ બેડામાં ચર્ચાનો વિષય બન્યો છે. શહેરના એક વિસ્તારમાં મોટાપાયે વિદેશી દારૂનો વેપલો ચલાવતા એક બુટલેગર પાસે અન્ય પોલીસ સ્ટેશનના કેટલાક કર્મચારીઓ પહોંચ્યા હોવાની અને પોતાના વિસ્તારમાં પણ દારૂનો 'ધંધો' શરૂ કરવા માટે અનુકૂળતા કરી આપવાની કથિત પેરવી થઈ હોવાની ચર્ચા છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, બુટલેગરના અડ્ડા પર જઈને તેને પોતાના વિસ્તારમાં ધંધો શરૂ કરવા માટે 'ચિંતા કરવાની જરૂર નહીં પડે' તેવા પ્રકારની કથિત ખાતરી આપવાની ચર્ચાએ પોલીસ બેડામાં જોર પકડ્યું હતું. જાણે દારૂ વેચવાનો પરવાનો સરકાર નહીં, પરંતુ કોઈ 'અદૃશ્ય વિભાગ' આપવાનું હોય તેવી સ્થિતિ સર્જાઈ હોવાની કટાક્ષભરી ચર્ચા પણ થઈ રહી છે.

પરંતુ સાહેબ... પ્લાન તો સરસ હતો, બસ ટાઈમિંગે દગો આપી દીધો!

સમગ્ર કથિત 'સેટિંગ' આગળ વધે તે પહેલાં જ અન્ય પોલીસ ટીમે બુટલેગરના અડ્ડા પર દરોડો પાડી મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો ઝડપી લીધો. રેડ પડતાં જ દારૂનો 'ધંધો શરૂ કરાવવાનો' કથિત પ્લાન પણ જાણે પાણીમાં ઓગળી ગયો!

હવે સવાલ એ છે કે બુટલેગર સામે કાર્યવાહી કરવી હતી કે તેને નવા વિસ્તારમાં 'બિઝનેસ એક્સપાન્શન'ની તક આપવાની હતી? એક તરફ પોલીસ દારૂનો જથ્થો પકડે અને બીજી તરફ પોલીસના જ કેટલાક કર્મચારીઓ દ્વારા કથિત રીતે ધંધો વિસ્તારવાની પેરવી થતી હોવાની ચર્ચા થાય, તો સ્વાભાવિક રીતે સવાલો તો ઊઠવાના જ.

દારૂનો જથ્થો ઝડપાયા બાદ હવે બુટલેગર સાથે કથિત સંપર્કમાં રહેલા પોલીસ કર્મચારીઓની ભૂમિકા પણ તપાસના દાયરામાં આવવી જોઈએ તેવી ચર્ચા છે. આખરે 'સેટિંગ' કોની સાથે હતું, પેરવી કોણ કરી રહ્યું હતું અને મહેરબાની કોની હતી?

નિષ્પક્ષ તપાસ થાય તો કદાચ આ સમગ્ર કથિત 'પ્લાન'ની સ્ક્રિપ્ટ પણ બહાર આવે... નહિતર હાલ તો એટલું જ કહી શકાય કે બુટલેગરનો ધંધો પકડાયો અને પોલીસ સ્ટેશનનો કથિત 'પ્લાન' પણ રેડ સાથે જ ધોવાઈ ગયો..!

ગુંદરથી કિંગ કોબ્રા સુધીના ઉપનામોથી જિલ્લા ભાજપમાં હાસ્યની છોળો, વંદે કમલમથી વાત લીક થતાં પ્રદેશ પણ નારાજ!

વડોદરા જિલ્લા ભાજપમાં હાલ રાજકારણ કરતાં અંદરખાનાની ગપસપ વધુ ગરમ છે. 74 વર્ષીય 'ભીષ્મ પિતામહ'ની ટીમના કહેવાતા નેતાઓના કારનામાથી 'ઘર ફૂટે ઘર જાય' જેવી સ્થિતિ સર્જાઈ હોવાની ચર્ચા છે.

ટીમના નેતાઓના ઉપનામો પણ એટલા રસપ્રદ છે કે રાજકારણ કરતાં જાણે પેઇન્ટની દુકાન ચાલી રહી હોય–કોઈ 'ગુંદર', કોઈ 'એશિયન પેઈન્ટ', કોઈ 'બર્જર પેઈન્ટ', કોઈ 'દહીં-દૂધ', 'હેન્ડ પંપ કલર' તો વાગોળ-કરજણ તરફના એક નેતાને 'કિંગ કોબ્રા'નું બિરુદ મળ્યું હોવાની ચર્ચા છે!

વંદે કમલમમાં વાતો લીક થતી હોવાની ચર્ચાથી હવે પ્રદેશ મોવડી મંડળ પણ નારાજ હોવાનું કહેવાય છે. ખાખરા ખાવાથી માંડીને બંધબારણે લેવાયેલી સેન્સ સુધીની વાતો બહાર આવી જતી હોવાના કારણે નેતાઓ પણ 'કહીશું તો બહાર જશે તો નહીં ને?' એવી સ્થિતિમાં હોવાનું ચર્ચાય છે.

અંદરખાને એવી પણ ચર્ચા છે કે પ્રદેશે આ 'ફૂટેલી કારતુસો' કોણ છે તેની ગુપ્ત તપાસ શરૂ કરી છે. બીજી તરફ, ટીમના કેટલાક સભ્યોને ધારાસભ્ય, સાંસદ, સંગઠનની મોટી ખુરશી કે સાહેબનું સ્થાન મેળવવાની મહત્ત્વાકાંક્ષા હોવાનું કહેવાય છે.

તાજેતરના પ્રશિક્ષણ વર્ગમાં નાણાં ઉઘરાવાની ચર્ચા હજુ શમી નથી ત્યાં આગામી ત્રણ દિવસીય પ્રશિક્ષણ વર્ગને લઈને પણ ઉઘરાણી થશે કે કેમ તે મુદ્દે કાર્યકરોમાં રોષ છે.

ટૂંકમાં, 'કોંગ્રેસ મુક્ત'ના નારા વચ્ચે જો પોતાના જ ઘરમાં 'ફૂટેલી કારતુસો' ધડાકા કરતી રહે તો પછી ઘોડા છૂટી ગયા બાદ તબેલાને તાળા મારવાનો વારો આવે તો નવાઈ નહીં!

મનપામાં 69નું બહુમતી ગણિત 70 પર પહોંચશે? રાજકીય વર્તુળોમાં 'આયા રામ, ગયા રામ'ની ચર્ચા તેજ!

વડોદરા મહાનગરપાલિકાની ચૂંટણી પૂરી થઈ ગઈ, પરંતુ રાજકીય ખેલ હજુ ચાલુ છે! ટિકિટ ન મળતાં નારાજ થઈ અપક્ષ તરીકે મેદાનમાં ઉતરેલા ઉમેદવારે ભવ્ય વિજય મેળવ્યો અને હવે એ જ વિજેતા ઉમેદવારને સત્તાપક્ષમાં લાવવાની કવાયત ચાલી રહી હોવાની ચર્ચાએ રાજકીય ગરમાવો વધારી દીધો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, 69 બેઠકો સાથે બહુમતીમાં બેઠેલા સત્તાપક્ષનું ગણિત હવે 'એકના ઉમેરા'થી 70 કરવાની ગોઠવણ ચાલી રહી છે. એટલે ચૂંટણી પહેલાં ટિકિટ માટે દરવાજો બંધ અને ચૂંટણી પછી વિજય જોઈને એ જ દરવાજો ફરી ખોલવાની રાજકીય ગણતરી!

અપક્ષ ઉમેદવારનો પક્ષપ્રવેશ થાય તો મનપામાં સત્તાપક્ષની સંખ્યા 69માંથી સીધી 70 થઈ જશે. એટલે જનતાએ મત આપ્યો અપક્ષને અને હવે રાજકીય ગણિત કહે છે–'મત અપક્ષનો, ફાયદો સત્તાપક્ષનો!'

હવે જો આ 'ઓપરેશન 70' સફળ થાય તો વડોદરા મનપાના રાજકારણમાં એક વાત તો ફરી સાબિત થશે–ચૂંટણી પૂરી થઈ શકે, પરંતુ રાજકીય ગણિત ક્યારેય પૂરું થતું નથી!

આ સમગ્ર ઘટનાક્રમને લઈને મનપાના રાજકારણમાં પણ ચર્ચાઓ તેજ બની છે. વિજેતા અપક્ષ ઉમેદવારનો નિર્ણય શું રહેશે અને સત્તાપક્ષની કવાયત કેટલા અંશે સફળ થશે તેના પર સૌની નજર છે. પક્ષપ્રવેશ થાય છે કે અપક્ષ તરીકે જ જનતાનું પ્રતિનિધિત્વ ચાલુ રાખે છે, તે આગામી દિવસોમાં સ્પષ્ટ થશે.

રામપુરા પ્રાથમિક શાળા પાસે ૭ ફૂટના અજગરથી ફફડાટ

(પ્રતિનિધિ) વડોદરા, તા.13

વડોદરા તાલુકાના રામપુરા ગામની પ્રાથમિક શાળા પાસે 6થી 7 ફૂટ લાંબો વિશાળ અજગર દેખાતા ગ્રામજનોમાં ભય ફેલાયો હતો. શાળા નજીક ઝાડી-ઝાંખરામાં અજગર જોવા મળતાં જાગૃત નાગરિક ગોહિલ રાજકુમાર સુરેશભાઈએ વાઇલ્ડ લાઇફ રેસ્ક્યુ ટ્રસ્ટના પ્રમુખ અરવિંદ પવારને જાણ કરી હતી. માહિતી મળતાં કાર્યકર અર્જુન પરમાર સ્થળે પહોંચી એક કલાકની ભારે જહેમત બાદ અજગરને સહીસલામત પકડી લેવાયો હતો. ત્યારબાદ તેને વડોદરા વન વિભાગને સોંપાયો હતો. તબીબી તપાસ બાદ અજગરને કુદરતી આવાસમાં છોડવામાં આવશે.

રિસાયેલી દીકરી 4 કલાક સુધી ઘરે પરત નહી ફરતા પરિવારમાં ચિંતા

મિત્રના ઘરે બર્થડે પાર્ટીમાં જવાની ના પાડતા માઠું લગાડીને ૧૬ વર્ષની દીકરી ઘરેથી નીકળી ગઈ

જાગૃત નાગરિકની મદદથી અભયમની ટીમે કાઉન્સેલિંગ કરી દીકરીનું પરિવાર સાથે મિલન કરાવ્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા.13

વડોદરાના અકોટા વિસ્તારમાં રહેતી 16 વર્ષની કિશોરીને તેના ફ્રેન્ડના ભાઈના બર્થડે પ્રસંગે રાત્રે 8 વાગ્યે ઘરે બોલાવવામાં આવી હતી. જોકે, માતા-પિતાએ ફ્રેન્ડને તેઓ ઓળખતા ન હોવાનું કહી દીકરીને ત્યાં જવાની ના પાડી હતી. દીકરીએ જવાની જીદ કરતાં માતા-પિતાએ આવી રીતે બહાર જવા માટે જીદ કરશો તો ભણવાનું છોડાવી દેવાની વાત કરી હતી. જેના કારણે રિસાયેલી દીકરી માતા-પિતાને જાણ કર્યા વગર ઘરેથી નીકળી ગઈ હતી. દીકરી ક્યાં ગઈ તેની જાણ ન થતાં પરિવાર ચિંતામાં મુકાયો હતો. દરમિયાન રાત્રે 12 વાગ્યાની આસપાસ એક જાગૃત નાગરિકની નજર દીકરી પર પડતાં તેમણે 181 અભયમની મદદ માંગી હતી. અભયમની ટીમે સ્થળ પર પહોંચી દીકરીનું કાઉન્સેલિંગ કરી તેને સમજાવી ઘરે પહોંચાડી હતી. માતા-પિતાને પણ સ્થળ પર બોલાવવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યું કે દીકરી તેમની એકની એક સંતાન છે અને માતા ઘરકામ જ્યારે પિતા છૂટક મજૂરી કરે છે. દીકરી જે ફ્રેન્ડના ઘરે જવા માંગતી હતી તેને તેઓ ઓળખતા ન હોવાથી અને તેનો સંપર્ક નંબર પણ દીકરીએ ન આપતાં સુરક્ષાની દૃષ્ટિએ જવાની ના પાડી હતી.

જાસપુરમાં જુગારધામ પર પાદરા પોલીસનો દરોડો, ચાર ઝડપાયા

પાદરા : પાદરા તાલુકાના જાસપુર ગામે હડમતિયા હનુમાનજી મંદિર તરફ જવાના રસ્તા પર પાદરા પોલીસે દરોડો પાડી પત્તા વડે પૈસાની હાર-જીતનો જુગાર રમતા ચાર ઇસમોને ઝડપી પાડ્યા હતા. પોલીસના જણાવ્યા મુજબ, જાસપુર ગામે જીગ્નેશ પટેલના ફાર્મની સામે આવેલા ખુલ્લા ઝાડી-ઝાંખરવાળા ખેતરમાં બાવળના ઝાડ નીચે ચારેય ઇસમો ગોળ કુંડાળું વળી પત્તા વડે પૈસાથી હાર-જીતનો જુગાર રમતા હતા. પોલીસે સ્થળ પર કાર્યવાહી કરી ચારેયને ઝડપી પાડ્યા હતા. પકડાયેલા ઇસમોમાં લાલજીભાઈ મહિજીભાઈ પરમાર (ઉ.વ.53), ખોડસિંગ છત્રસિંગ સોલંકી (ઉ.વ.47), દિલીપસિંહ મફતસિંહ ચૌહાણ (ઉ.વ.48) અને કૃષ્ણપાલસિંહ ઉર્ફે ડાઘીયો લાલસિંહ સિંધા (ઉ.વ.25)નો સમાવેશ થાય છે. તમામ જાસપુર ગામના રહેવાસી હોવાનું પોલીસે જણાવ્યું છે. પોલીસે ચારેયની અંગઝડતીમાંથી રૂ.6,460 રોકડા, દાવ ઉપરથી રૂ.4,940 રોકડા, પત્તા-પાના નંગ-52 તથા એક હાથરૂમાલ મળી કુલ રૂ.11,400નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ખાડા પૂરવામાં માત્ર વેઠ ઉતારાતા વાહનચાલકો પરેશાન

શહેરના અલકાપુરી અને BPC રોડ બન્યો 'થીગડાં વાળો રોડ' વાહનચાલકો હેરાન

કોન્ટ્રાક્ટરોની 'સ્માર્ટ' કામગીરી સામે સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે

(પ્રતિનિધિ) વડોદરા, તા.૧૩

વડોદરા મહાન ગરપાલિકાના અધિકારીઓ અ ને કોન્ટ્રાક્ટરોની 'સ્માર્ટ' કા મગીરી સામે સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. શહેરના સૌથી પોશ ગણાતા અલકાપુરી વિસ્તારના બીપીસી રોડ પર ઠેર-ઠેર નાના-મોટા અસંખ્ય ખાડાઓ પડી ગયા છે. આ ખાડાઓને સરખી રીતે રિપેર કરવાના બદલે મા ત્ર થીગડાં મારીને વેઠ ઉતારવામાં આવી હોવાથી આખો રોડ જ 'થીગડાં વાળો રોડ' બની ગયો છે. રોડની આ બિસ્માર હાલતને કારણે અહીંથી પસાર થતાં દૈનિક હજારો વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા છે. ઉલ્લેખનીય છે કે, આ થીગડાં વાળા રોડથી માત્ર ૧૦૦ મીટરના અંતરે જ પ્રસિદ્ધ હવેલી આવેલી છે, જ્યાં વૈષ્ણવ સંપ્રદાયના હજારો ભક્તો રોજ નિત્ય દર્શન માટે આવતા હોય છે. રોડ પરના ખાડા અને થીગડાંના કારણે દર્શનાર્થે આવતા સિનિયર સિટીઝન્સ અને અન્ય ભક્તોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. માત્ર એટલું જ નહીં, હવેલીથી આગ ળ આશરે ૨૦૦ મીટર દૂર આવેલ બાટા ચાર રસ્તા પાસે છેલ્લા એ ક વર્ષ કરતાં પણ વધુ સમયથી રોડ ક્રોસિંગ માટેનું એક ચેમ્બર બનાવવામાં આવ્યું છે. જોકે, આ ચેમ્બર નું કામ હજુ સુધી અધૂરું રાખીને પૂરાણ કરવામાં આવ્યું નથી. આ અધૂરા કામના લીધે વાહનચાલકો અટવાઈ જાય છે અને અકસ્માતનો સતત ભય રહે છે. છેલ્લા લાંબા સમયથી હાલા કી ભોગવી રહેલા નાગરિકોનો આ ક્ષેપ છે કે, વારંવારની રજૂઆતો છતાં પાલિકાના અધિકારીઓ કે કોન્ટ્રાક્ટરના 'પેટનું પાણી પણ હલતું નથી'. સ્થાનિકો અને વાહનચાલકોએ માંગ કરી છે કે તંત્ર દ્વારા વિલંબ કર્યા વગર બીપીસી રોડનું યોગ્ય સમારકામ કરવામાં આવે અને બાટા ચાર રસ્તા પાસેનું બાકી રહેલું કામ વહેલી તકે પૂર્ણ કરવામાં આવે.

રેલવે ટ્રેકથી રહેણાક વિસ્તાર સુધી મગરોની દહેશત

કેલનપુરમાં વિશાળ મગરનું રેસ્ક્યૂ, વડસરમાં બચ્ચું રસ્તા પર આવ્યું; વન વિભાગે બંનેને સુરક્ષિત રીતે કબજે કર્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરા નજીક કેલનપુર રેલવે સ્ટેશન અને વડસર ગામના માળી ફળિયા વિસ્તારમાં મોડી રાત્રે મગરો આવી ચડતાં સ્થાનિકોમાં ભારે ગભરાટ ફેલાયો હતો. કેલનપુરમાં રાત્રે સાડા નવ વાગ્યે રેલવે ટ્રેક પર સાડા ચારથી પાંચ ફૂટ લાંબો મગર જોવા મળ્યો હતો. જાણ થતાં વાઇલ્ડ લાઈફ રેસ્ક્યુ ટ્રસ્ટ તથા વન વિભાગની ટીમ સ્થળે પહોંચી હતી. અંધારામાં રેલવે ટ્રેક પર રેસ્ક્યૂ જોખમી હોવા છતાં એક કલાકની જહેમત બાદ મગરને સુરક્ષિત પકડી વન વિભાગને સોંપાયો હતો.

બીજી તરફ વડસરના માળી ફળિયા તરફના રસ્તા પર રાત્રે સાડા બારથી એક વાગ્યે 3થી 4 ફૂટ લાંબું મગરનું બચ્ચું દેખાયું હતું. શ્રી સાંઈ દ્વારકા માઈ ચેરીટેબલ ટ્રસ્ટની ટીમે તાત્કાલિક રેસ્ક્યૂ કરી બચ્ચાને વન વિભાગને સોંપ્યું હતું. વિશ્વામિત્રી નદીના કારણે ચોમાસામાં મગરો વસાહતો તરફ આવતા હોવાથી બંને ઘટનામાં સમયસર કામગીરીથી માનવ-વન્યજીવ સંઘર્ષ ટળ્યો હતો.

ભારત વિકાસ પરિષદ દ્વારા રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધા-૨૦૨૬નું સફળ આયોજન

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૩

વડોદરા વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિ, સંસ્કાર અને રાષ્ટ્રભક્તિની ભાવના પ્રબળ બનાવવાના ઉદ્દેશથી ભારત વિકાસ પરિષદ, સયાજીનગરી શાખા, વડોદરા દ્વારા શાનેન ઈન્ટરનેશનલ સ્કૂલના વિશાળ સભાખંડમાં 'રાષ્ટ્રીય સમૂહગાન સ્પર્ધા-૨૦૨૬'નું અત્યંત ભવ્ય અને પ્રેરણાદાયી આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વડોદરા શહેરની વિવિધ અગ્રણી શાળાઓની કુલ ૧૨ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આશરે ૧૩૫ જેટલા ઉત્સાહી વિદ્યાર્થીઓ અને માર્ગદર્શક શિક્ષકોએ હિન્દી તથા સંસ્કૃત ભાષામાં દેશભક્તિથી ઓતપ્રોત સમૂહગાનની સુંદર અને મનમોહક રજૂઆતો કરી હતી, જેનાથી સમગ્ર સભાખંડ રાષ્ટ્રપ્રેમના રંગે રંગાઈ ગયો હતો. કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે શાનેન ગ્રુપ ઓફ સ્કૂલ્સના ડિરેક્ટર ડૉ. શિલ્પા દલવાડી તથા વિશિષ્ટ અતિથિ તરીકે કર્નલ મિલિંદ ગોગટે વિશેષરૂપે ઉપસ્થિત રહ્યા હતા. બંને મહાનુભાવોએ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારતા ભારતીય સંસ્કૃતિ અને રાષ્ટ્રભક્તિના મૂલ્યો નવી પેઢી સુધી પહોંચાડવા માટેના આ પ્રયાસોની મુક્તકંઠે પ્રશંસા કરી હતી.

GMERS પ્રાદેશિક GRIP સમિટમાં બે ઈનોવેટિવ પ્રેક્ટિસને મળ્યા પ્રતિષ્ઠિત એવોર્ડ્સ

'સેફ સર્જિકલ પ્રેક્ટિસ'થી સર્જિકલ ભૂલો નિવારવાના ઉત્કૃષ્ટ પ્રયાસોને મળ્યું પ્રથમ રનર અપનું સન્માન

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૩

સ્થાનિક એસ.આઈ.એચ.એફ. ડબલ્યુ. (SIHFW), આજવા રોડ ખાતે તાજેતરમાં યોજાયેલી બીજી પ્રાદેશિક GRIP સમિટમાં વડોદરાની જાણીતી GMERS મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલ, ગોત્રીએ ઉત્કૃષ્ટ સિદ્ધિ હાંસલ કરી છે. હોસ્પિટલ દ્વારા અપનાવવામાં આવેલી બે અલગ-અલગ ઈનોવેટિવ અને રેપ્લિકેબલ પ્રેક્ટિસને શ્રેષ્ઠ ગણાવીને પ્રથમ રનર અપના બે પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. સમિટમાં હોસ્પિટલના ડાયેટિશિયન ધરતી અને પૂર્ણિમાએ 'મેડિકલ ન્યુટ્રિશનલ થેરાપી' વિષય પર પ્રભાવશાળી પ્રસ્તુતિ આપી હતી. જેમાં દર્દીઓને તેમની બીમારીના પ્રકાર મુજબ અલગ-અલગ પ્રકારનો પૌષ્ટિક ખોરાક પૂરો પાડવાની પદ્ધતિ વિશે વિશેષ પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

જાહેર પરીક્ષાઓને પારદર્શક બનાવવા ૧૫ મુદ્દાના સુધારા જરૂરી, શૈક્ષિક મહાસંઘ

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે હાઈ-પાવર ટાસ્ક ફોર્સ સમક્ષ સૂચનો રજૂ કર્યા

(પ્રતિનિધિ) વડોદરા,તા.13

દેશની જાહેર પરીક્ષા પ્રણાલીને વધુ સુરક્ષિત, પારદર્શક અને વિદ્યાર્થીકેન્દ્રિત બનાવવા માટે વ્યાપક સુધારાની જરૂર હોવાનું અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે જણાવ્યું છે. આ અંગે મહાસંઘે ભારત સરકાર દ્વારા રચાયેલી ઉચ્ચસ્તરીય ટાસ્ક ફોર્સ સમક્ષ 15 મુદ્દાના સૂચનો રજૂ કર્યા છે. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે સ્પષ્ટ કર્યું છે કે, સુધારા માત્ર પેપર લીક રોકવા પૂરતા સીમિત ન હોવા જોઈએ, પરંતુ સમગ્ર વ્યવસ્થા વૈજ્ઞાનિક અને વિશ્વસનીય બનવી જોઈએ. રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રો. નારાયણ લાલ ગુપ્તાએ જણાવ્યું હતું કે, પરીક્ષા સુધારાનો હેતુ વિદ્યાર્થીના વાસ્તવિક જ્ઞાનનું નિષ્પક્ષ મૂલ્યાંકન હોવું જોઈએ. એક જ હાઈ-સ્ટેક્સ પરીક્ષા પર નિર્ભરતા ઘટાડીને એક વિદ્યાર્થી-અનેક મૂલ્યાંકન-એક રાષ્ટ્રીય મેરિટ ફ્રેમવર્ક વિકસાવવું જરૂરી છે. જ્યારે રાષ્ટ્રીય મહામંત્રી પ્રો. ગીતા ભટ્ટે જણાવ્યું હતું કે, વિશ્વાસ સ્થાપિત કરવા રાષ્ટ્રીય પ્રશ્નબેંક, એન્ક્રિપ્ટેડ પ્રશ્નપત્ર, ડિજિટલ ઓડિટ ટ્રેલ અને સ્વતંત્ર પરીક્ષા સુરક્ષા તંત્ર વિકસાવવું પડશે. સાથે જ એનટીએ જેવી સંસ્થાઓને વધુ સ્વતંત્ર અને વ્યાવસાયિક બનાવવી જોઈએ. વિદ્યાર્થીઓના હિતમાં ગ્રામ્ય વિસ્તારોમાં સીબીટી સુવિધા, ભારતીય ભાષાઓમાં પરીક્ષા સામગ્રી, એકીકૃત પરીક્ષા કેલેન્ડર, સમયબદ્ધ પરિણામ અને પરીક્ષા લોકપાલ જેવી વ્યવસ્થા ઊભી કરવા તેમજ મોંઘા કોચિંગ પર નિર્ભરતા ઘટાડવા સરકારી મોક ટેસ્ટ અને નિ:શુલ્ક ડિજિટલ સંસાધનો આપવા પણ માંગ કરવામાં આવી છે.

વડોદરાના ઉંડેરા તળાવ રોડ પર ૫ ફૂટ ઊંડો ભુવો પડતાં હાલાકી

શાળાના બાળકો અને રાહદારીઓના જીવ જોખમમાં; દોષિત કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરી અધિકારીઓને સસ્પેન્ડ કરવા માંગ

(પ્રતિનિધિ) વડોદરા,તા.13

વડોદરા શહેરના ઉંડેરા તળાવ રોડ પર અચાનક ૫ થી ૬ ફૂટ ઊંડો મોટો ભુવો પડી જતાં સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં ભારે ભય અને અસંતોષ વ્યાપી ગયો છે. રિફાઇનરીને જોડતા આ મુખ્ય માર્ગ પરથી દરરોજ મોટી સંખ્યામાં નાના બાળકો શાળાએ જવા માટે તથા સામાન્ય રાહદારીઓ પસાર થતા હોય છે, જેના કારણે આ ભુવો કોઈ મોટી દુર્ઘટના નોતરે તેવી દહેશત સેવાઈ રહી છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આશરે એક થી દોઢ વર્ષ પહેલાં જ આ રોડ પર ડ્રેનેજ લાઇન નાખવાની કામગીરી કોન્ટ્રાક્ટર દ્વારા કરવામાં આવી હ તી. પરંતુ નબળી ગુણવત્તા અને કામગીરીમાં થયેલી ગેરરીતિઓના કારણે ટૂંકા જ સમયમાં આ રોડ બેસી ગયો છે અને મોટો ભુવો પડ્યો છે, જે પાલિકાના અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરની પોલમપોલ છતી કરે છે. આ ઘટનાને પગલે સ્થાનિકોએ વડોદરા મહાનગરપાલિકાના મ્યુ નિસિપલ કમિશનર સમક્ષ મીડિયાના માધ્યમથી તાત્કાલિક કડક પગલાં લેવાની માગ કરી છે. તેમણે બેદરકાર કોન્ટ્રાક્ટરને તાત્કાલિક ધોરણે બ્લેકલિસ્ટ કરવા અથવા તો ભારે દંડ ફટકારવાની રજૂઆત કરી છે.